મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે વિયેતનામના ભારત સ્થિત રાજદૂત

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત વિયેતનામના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત ગુયેન થાન્હ હાઇ એ ગાંધીનગરમાં લીધી હતી. આ સૌજન્ય મુલાકાત બેઠક દરમ્યાન તેમણે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઇડ્રોજન તથા માઇનીંગ એન્ડ સ્ટીલ ક્ષેત્રે સહભાગીતા માટેની તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્ય સરકારના જરૂરી સહયોગ માટે સકારાત્મક પ્રતિસાદ આપતાં કહ્યું કે ગુજરાત-વિયેતનામ વચ્ચે હાલ જે પરસ્પર વેપાર-વણજનો સહયોગ છે તેને વધુ ગતિપૂર્વક આગળ લઈ જવા રાજ્ય સરકાર ઉત્સુક છે.

કોરોનામાં માતા-પિતા ગુમાવનારી દિકરીઓને લગ્ન સમયે બે લાખ મળશે

મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ ૯,૧૨૦ છોકરીઓને સહાય : રાજ્ય સરકારના જણાવ્યા પ્રમાણે, બંને યોજના અંતર્ગત સહાય પૂરી પાડવામાં આવતી લગભગ એક હજાર છોકરીઓ દર વર્ષે લગ્ન યોગ્ય ઉંમરે પહોંચશે

ગાંધીનગર, તા.૨

૨૦૨૦માં ગુજરાત સહિત દેશભરમાં જોવા મળેલી કોરોના મહામારીની બે તીવ્ર લહેરને કોઈ ક્યારેય નહીં ભૂલી શકે. આ એ જ કાળમુખો સમય હતો જેણે સેંકડો લોકોનો ભોગ લીધો હતો અને કેટલાય બાળકોએ સાવ નાની ઉંમરમાં માતા-પિતાની છત્રછાયાનો ગુમાવવાનો વારો આવ્યો હતો. આવા અનાથ બાળકોને સરકારે દત્તક લીધા હતા અને હવે કોવિડ-૧૯માં એક અથવા બંને પેરેન્ટ્સ ગુમાવનારી ૧૭,૧૨૦ છોકરીઓ માટે સ્કિમ બહાર પાડી છે, જે મુજબ તેમના લગ્ન સમયે તેમને ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. સરકારી આંકડા અનુસાર પાલક માતા-પિતા યોજના હેઠળ ૮ હજાર છોકરીઓને સહાય જ્યારે અન્ય ૯,૧૨૦ છોકરીઓને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ સહાય આપવામાં આવશે. ગત અઠવાડિયે પોતાના બજેટ ભાષણમાં, રાજ્યના નાણામંત્રીએ એક નવી યોજનાની જાહેરાત કરી હતી, જેમાં પાલક માતા-પિતા સહાય યોજના અને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ છોકરીઓને લગ્ન સમયે ૨ લાખની સહાય માટે ૨૦૨૩-૨૪માં ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. રાજ્ય સરકારના જણાવ્યા પ્રમાણે, બંને યોજના અંતર્ગત સહાય પૂરી પાડવામાં આવતી લગભગ ૧ હજાર છોકરીઓ દર વર્ષે લગ્ન યોગ્ય ઉંમરે પહોંચશે. 'આમ આ હેતુ માટે ૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે અને આ દર વર્ષે યથાવત્ રહેશે', તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે ઉમેર્યું હતું કે, સહાય ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર થકી આપવામાં આવશે. પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ ૮ હજાર છોકરીઓને સહાય આપવામાં આવી રહી છે. તેમાંથી ૬,૧૫૮ની ઉંમર ૧૫ વર્ષની આસપાસ જ્યારે ૧,૮૪૨ની ૧૬થી ૧૮ વર્ષની વચ્ચે છે. આ રીતે મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ કુલ ૯,૧૨૦ છોકરીઓને સહાય મળી રહી રહે છે. તેમાંથી ૬,૯૫૮ની ઉંમર ૧૫ વર્ષની આસપાસ જ્યારે ૨,૧૬૨ છોકરીઓની ઉંમર ૧૬થી ૧૮ વર્ષ વચ્ચેની છે.

સીએનજી વાહન ચાલકો માટે સારા સમાચાર

સીએનજી પંપ સંચાલકોની હડતાલ પાછી ખેંચાઇ

સરકારના હકારાત્મક વલણના કારણે સંચાલકોનો નિર્ણય

અમદાવાદ,તા.૨

રાજ્યમાં સીએનજી પંપના સંચાલકો દ્વારા અવાર નવાર માર્જીનમાં વધારો કરવાની માંગ કરી હતી. પરંતું માર્જીનમાં કોઈ વધારો કરવામાં ન આવતા એક દિવસ સીએનજી વેચાણ બંધ રાખવાનો નિર્ણય સંચાલકોએ કર્યો હતો. ત્યારે આજે સરકારના હકારાત્મક વલણના કારણે પંપ સંચાલકો દ્વારા હડતાળ હાલ પુરતો સ્થગિત રાખવાનો નિર્ણય લીધો છે.

સીએનજી પંપના ડિલર્સના માર્જિનમાં વધારો ન થતાં તેઓ ૩ માર્ચના રોજ સીએનજીનું વેચાણ બંધ રાખી વિરોધ નોંધાવવાનાં હતા. સીએનજી વેચતા ડિલર્સના માર્જીનમાં વધારો ન થતા તેમણે આ નિર્ણય લીધો છે. ડિલર્સે વારંવાર રજૂઆત કરવા છતા માંગ ન સ્વીકારાઈ હોવાનું જણાવ્યું છે. ૫૫ મહિનાથી સીએનજીનું માર્જિન વધ્યું ન હોવાના કારણે ડિલર્સ વિરોધ નોંધાવવાનો નિર્ણય લીધો હતો.

ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનન તમામ કમિટી સભ્યોએ એક સૂચના બહાર પાડી હતી. જેમાં તેમણે લખ્યું છે કે, સીએનજી ડીલર માર્જીન છેલ્લા ૫૫ મહીનાથી વધ્યું નથી, તે અંગે આપણા ફેડરેશન તરફથી અનેક પત્રો લખ્યા, મીટીંગ કરી તેમ છતાં આપણું ડીલર માર્જીન વધાર્યુ નથી માટે ગુજરાત રાજ્યના તમામ સીએનજી ડીલરોએ વેચાણ અચોક્સ સમય માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જે હડતાળ હવે મોકુફ રાખવામાં આવી છે.

રાજ્યમાં ૪, ૫ અને ૬ માર્ચે કમોસમી વરસાદ પડી શકે છે

મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં મંદ વરસાદ પડવાની આગાહી કરાઈ

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં વાતાવરણને લઈને વધુ એક આગાહી સામે આવી છે. રાજ્યમાં તારીખ ૪,૫ અને ૬ માર્ચે કમોસમી વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં મંદ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર,દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મંદ વરસાદ આવી શકે છે. એટલું જ નહીં, વડોદરા, ડાંગ, છોટાઉદેપુર, મહીસાગર, નર્મદા અને નવસારીમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ,ભાવનગર,પોરબંદર,જૂનાગઢ અને અમરેલીમાં પણ વરસાદની સંભાવના છે. તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો વધારો પણ રાજ્યભરમાં થઈ શકે છે. આ તાપમાનમાં વધારાની સાથે આગામી ૩ દિવસમાં ગરમી અને બફારો પણ વધી શતે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ જોવા મળશે. ગીર સોમનાથમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.

જિલ્લા પાણી-પુરવઠા વિભાગની કાર્યવાહી

ગેરકાયદેસર પાણી ચોરતા ચાર ખેડૂત સામે પોલીસ ફરિયાદ

સુરેન્દ્રનગર,તા.૨

સુરેન્દ્રનગર જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા ગેરકાયદેસર પાણીની ચોરી કરતા ખેડૂતો સામે કાર્યવાહી કરવામાં આવી છે. પાણી-પુરવઠા વિભાગે આવા ૫ ખેડૂતો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે.વઢવાણ તાલુકાના નગર ગામની સીમમાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાંથી ખેડૂતો પાણી લેતા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આ પાંચેય ખેડૂતો સામે જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ખેડૂતો દૂધરેજ તરફથી ખોડુ જતી પાઈપલાઈનમાં નગર ગામની સીમમાં ગેરકાયદેસર રીતે જોડાણ કરી પાણીની ચોરી કરતા હતા. ખેડૂતો અવારનવાર પ્રશાસન સામે ફરિયાદ કરતા હોય છે કે, તેમને સિંચાઈ માટે પૂરતું પાણી આપવામાં આવતું નથી.

તો વળી, ઘણીવાર તેને કારણે પાક બળી જતો હોય છે. પાણી વગર પાક સૂકાઈ જતો હોય છે. ત્યારે મોટા પ્રમાણમાં ખેડૂતોને આર્થિક રીતે નુકસાન થતું હોય છે. ઋષિકેશ પટેલે જણાવ્યુ હતુ કે, 'આ વર્ષે રાજ્યના ખેડૂતોને ઉનાળામાં સિંચાઈ માટે વધારાનું ૨.૨૭ મિલિયન એકર ફીટ પાણી મળશે.' તેમણે વધુ માહિતી આપતા જણાવ્યુ હતુ કે, 'આ વર્ષે નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા ગુજરાતને દર વર્ષે ફાળવણી થતા ૯ સ્છઞ્ચ પાણીના સ્થાને કુલ ૧૧.૨૭ મિલયન એકર ફીટ પાણીની ફાળવણી કરી છે. જેના પરિણામે આ વર્ષે ગુજરાતના ખેડૂતોના ભાગે વધારાનું પાણી સિંચાઈ માટે ઉપલબ્ધ બનશે.'

અંબાજીધામમાં મોહનથાળના પ્રસાદ વિતરણનો મામલો

મોહનથાળનો પ્રસાદ બંધ કરવા આદેશ કરાયો નથી: ટ્રસ્ટ

અન્ય પ્રસાદ વહેંચવા બાબતે કેટલાક માધ્યમોના અહેવાલના પગલે યાત્રિકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે

અંબાજી,તા.૨

અંબાજી શક્તિપીઠ અંબાજીધામમાં માં અંબેના મંદિરમાં વહેંચાતો મોહનથાળના પ્રસાદ બદલે અન્ય પ્રસાદની વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવનારી હિલચાલ પણ મોહનથાળનો પ્રસાદ બંધ કરવા કોઈ જ આદેશ કરાયો નથી તેવું ટ્રસ્ટ દ્વારા કહેવામાં આવ્યું છે. યાત્રાધામ અંબાજી મંદિર પરિષરમાં ૫૦ વર્ષ ઉપરાંતથી માં અંબેને મોહનથાળનો પ્રસાદ ધરાવીને શ્રદ્ધાળુઓ માટે વિતરણ વ્યવસ્થામાં મુકવામાં આવેલો છે.

હાલમાં પણ આ મોહનથાળનો પ્રસાદ વિવિધ કેટેગરીના બોક્સ પેકીંગમાં યાત્રિકોને નિયત કરેલા ભાવે વેચાણ કરવામાં આવે છે. જે દૂરદરાજથી આવતા યાત્રિકો હોંશેહોંશે માં અંબાને ધરાયેલા મોહનથાળનો પ્રસાદ સાથે પોતાના વતને લઇ જતા હોય છે. મોહનથાળની એક પરંપરા પણ એવી રહી છે કે આજદિન સુધી મોહનથાળની બનાવટમાં સ્વાદનો કોઈ ફેર પડ્યો નથી ને વર્ષોથી એક જ સ્વાદમાં શુદ્ધતાની ખરાઈ સાથે વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી આવતા યાત્રિકો એક નહીં પણ અનેક બોક્સ સાથે લઈ જતા હોય છે. આ મોહનથાળના પ્રસાદની વિતરણ વ્યવસ્થા બંધ કરી અન્યપ્રસાદ વહેંચવા બાબતે કેટલાક માધ્યમોના અહેવાલના પગલે યાત્રિકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે. અંબાજી મંદિરમાં વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરની એક ઓળખ સમાન બની ગયું છે. જેને નાના બાળકોથી લઈ વૃદ્ધો સહીતના લોકો પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરતા હોય છે. જે મોહનથાળ એક આસ્થાનો ભાગ બની ગયું છે ત્યારે મોહનથાળનો પ્રસાદ બંધ ન કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.જોકે હાલ તબક્કે આ પ્રસાદ બનાવવાની કામગીરી સ્થગિત કરાઈ છે. પણ મોહનથાળનો પ્રસાદ બંધ કરવા બાબતે કોઈ પણ જાતનો આદેશ કરવામાં આવ્યો નથી. હમણાં યાત્રિકોનો ઘસારો પણ અંબાજી મંદિરમાં ઓછો હોવાથી પ્રસાદના હજારો પેકેટ સ્ટોકમાં પડ્યા છે. હાલ આ પ્રસાદનો સ્ટોક પૂરો કરવા સૂચન કરાયું છે. આ પ્રસાદના સ્ટોક પૂર્ણ થયા બાદ ઉપલા અધિકારીઓનો જે રીતે આદેશ મળશે તે રીતે આગળની કામગીરી કરવામાં આવશે તેમ જણાવાયું છે.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજ સંત મંડળ સહિત સેમારી - રાજસ્થાનમાં વ્યસનમુક્તિ , વિશ્વશાંતિ યજ્ઞ તથા પર્યાવરણ રક્ષણ યજ્ઞ સભર ભવ્ય નગરયાત્રા યોજાઈ હતી તથા વીર શિરોમણિ મહારાણા પ્રતાપને શ્રદ્ધા પુષ્પાંજલિ પણ અર્પણ કરાઈ હતી.

હોળી-ધુળેટીનું પર્વ નજીક આવતા દ્વારકા જતા પદયાત્રીઓમાં વધારો

પદયાત્રીઓ માટે રહેવા, જમવા માટે તેમજ મેડીકલ માટેની સુવિધાઓ પણ સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવી રહી છે

જામનગર,તા.૨

ફાગણ માસની પૂર્ણીમા એટલે કે હોલીકા ઉત્સવ, હોળી ઉત્સવ માટે વર્ષોની પરંપરા મુજબ ફુલડોલ ઉત્સવ મનાવવામાં આવે છે. આ ફુલડોલ ઉત્સવમાં ભાગ લેવા માટે ઠેર-ઠેર ગામે-ગામ થી અસંખ્ય લોકો પગપાળા દ્વારકાધીશના દર્શનાર્થે પહોંચે છે. આ વર્ષે પણ ગુજરાત-રાજસ્થાન સહિતના રાજયોમાંથી અસંખ્ય પદયાત્રીઓ દ્વારકા તરફ પ્રયાણ કરી રહ્યા છે. આ પદયાત્રીઓ સેવા માટે પણ હાઈ-વે પર અસંખ્ય સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. જેમાં પદયાત્રીઓ માટે રહેવા, જમવા, ફેરા થવા માટે તેમજ તમામ મેડીકલ માટેની સુવીધાઓ પણ સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવી રહી છે. સેવાકેમ્પોમાં ડી.જે.ના તાલે પણ પદયાત્રીઓનો થોડો થાક દૂર કરવા માટે કાળીયાઠાકરના ગીતો વગાડી અને ગરબા ઘૂમવા માટે પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ભગવાન દ્વારકાધીરા સાથે ફૂલડોલ ઉત્સવ મનાવવા માટે અસંખ્ય પદયાત્રીઓ તથા દર્શનાર્થીઓ હોળીના પાવન દિવસે પહોંચે છે અને કાળીયા ઠાકર સાથે અબીલ-ગુલાલ સહિતનો રંગોથી હોળી રમી અને ધન્યતા અનુભવે છે. દર વર્ષે અનેક રાજ્યોમાંથી આ પદયાત્રીઓ દ્વારકા દર્શનાર્થે જઈ અને પોતાની માનતા તથા ભગવાન દ્વારકાધીશ સાથે ફૂલડોલ ઉત્સવ મનાવવાનો આનંદ માણે છે. હોળી અને ધુળેટી નો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે દ્વારકામાં ખાસ ફૂલડોલ ઉત્સવ ઉજવવામાં આવે છે જેને લઈને જામનગર દ્વારકા હાઈવે પર મોટી સંખ્યામાં પદયાત્રીઓ ભગવાન દ્વારકાધીશ ના દર્શન કરવા જઈ રહ્યા છે ત્યારે ફૂલડોલ ઉત્સવમાં યાત્રાધામ દ્વારકા તરફ ભક્તિઓનો ઘોડાપૂર ઉમટી પડ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

એક પણ બાળક કુપોષિત ન રહે તે માટે રાજ્ય સરકાર કાર્યરત

ગાંધીનગર, તા.૨

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ ડાંગ અને નર્મદા જિલ્લામાં અતિ ઓછા વજનવાળા બાળકોને પુરક પોષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર આંગણવાડી કેન્દ્રના પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું કે ડાંગ અને નર્મદા જિલ્લામાં અતિ ઓછા વજનવાળા બાળકોને પુરક પોષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર આંગણવાડી કેન્દ્રના ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાળશકિતના ૫૦૦ ગ્રામની એક એવા ૭ પેકેટ્સ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાળશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાળશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટ આપવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકાના એટીએમમાંથી નવ લાખની ચોરી

દ્વારકા, તા.૨

શહેરના ભદ્રાકાલી જેવા સારા વિસ્તારમાં બેંક ઓફ બરોડાના એટીએમને તોડી રૂપિયા ૯ લાખની ચોરીને અંજામ આપી ચોરોએ પોલીસને પડકાર ફેંક્યો હોઈ તેવો ઘાટ સર્જાયો હતો. એટીએમને તોડી રૂપિયા ૯ લાખ જેવી માતબર રકમની ચોરીને અંજામ આપનાર ચોરોએ પોલીસને વિચારતી કરી મુકી હતી. બેંકની ફરિયાદના આધારે દ્વારકા પોલીસે સીસીટીવીની મદદથી ગણતરીના કલાકોમાં બે યુવા આરોપીઓને દબોચી લઈ પૂછતાછના અંતે આરોપીઓએ ચોરીને અંજામ આપ્યાનું કબુલ્યું હતું.

વિધાનસભામાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા બે વર્ષમાં રોજગારી પુરી પાડવામાં આવી તેવા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧ના વર્ષમાં જિલ્લામાં ૩૬૮૨ અને શહેરમાં ૧૮૫૫ બેરોજગારોને રોજગારી પુરી પાડવામાં આવી છે, જ્યારે ૨૦૨૨ના વર્ષમાં જિલ્લામાં ૫૫૨૮ અને શહેરમાં ૨૪૫૪ બેરોજગારોને નોકરી પુરી પાડવામાં આવેલ છે.

● અને છેલ્લે...

૩૧-૧-૨૩ની સ્થિતિએ રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા ૯,૧૪,૨૦૧ છે. જેમાં રાજ્યના શ્રમિકોની સંખ્યા ૮,૮૬,૪૪૨ છે જ્યારે રાજ્ય બહારના શ્રમિકોની સંખ્યા ૨૭,૭૫૯ છે.

ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે હજુ આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં હજુ સફાઈ થઈ નથી જયારે જોખમી વૃક્ષો પણ યથાવત છે. આ ઉપરાંત વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ પણ ખતરારૂપ હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા બે દિવસથી નગરના ગ માર્ગ પર સે-૩ : ૪ ની ચોકડી પાસે માર્ગ વચાળે જ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. માર્ગ વચાળે જ સ્થિત ચેમ્બરમાં ભંગાણ થતા હાલ વૃક્ષોના ડાળા મુકીને આ ભયજનક સ્થિતિથી રાહદારીઓ કે વાહનચાલકોને જાગૃત કરવા સ્થાનિકોએ પ્રયાસ કર્યો છે. પરંતુ માર્ગ વચાળે અસ્તિત્વ ધરાવતા આ ગાબડાના લીધે ગમે ત્યારે વાહનચાલકો અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ છે. સ્થાનિકોએ આ જોખમી સ્થિતિ નિવારવા માટે પણ તંત્રને રજુઆત કરી છે. નગરના ગ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં પણ લાંબા સમયથી નિરસતા સેવાઈ રહી છે. આ મામલે પણ અગાઉ સ્થાનિકોએ રજુઆત કરી હતી પરંતુ માર્ગને સિકસલેન કરવાની યોજના પુર્ણ થયા બાદ પણ હજુ સુધી ટ્રીમીંગનુ કામ પુર્ણ થયુ નથી જેના લીધે વોક વે પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ રાહદારીઓ માટે અડચણરૂપ થઈ રહી છે. માર્ગ પર જોખમી ગાબડુ ત્વરિત અસરથી પુરવા માટે પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી છે.

બેંકની ચૂંટણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહીવટદાર મુકવા માટે પિટીશન દાખલ કરવામાં આવી હતી બેંકમાં વહીવટદાર મુકવા માટે સ્ટે આપવામાં આવ્યો હતો.

જયારે ગત તા ૨૭ ફેબ્રુઆરીના રોજ પણ આ કેસ સંદર્ભે કોર્ટે મનાઈ હુમક મળી શકે નહીં તેમજ જિલ્ લ્ રજીસ્ટ્રારને કસ્ટોડિયન મુકવા માટે કાયદા મુજબ સત્તા આપવામાં આવી હોવાનુ જણાંવ્યુ હતુ. જેના અંતે હવે ગાંધીનગર નાગરિક બેંકમાં જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા ટુંકમાં જ વહીવટદાર મુકવામાં આવે તેવી સંભાવના પ્રબળ બની છે. જયારે બેંકની ગત ચુંટણી વર્ષ ૨૦૧૫ માં થઇ હતી જેની મુદત વર્ષ ૨૦૨૦ માં પુર્ણ થઇ ગઇ છે. ત્યારે કોર્ટે આ કેસના પીટીશનરોને એવી પણ ટકોર કરી હતી કે આ સમયગાળા બાદ બેંકનો વહીવટ કઇ રીતે કરી શકો જે બિલકુલ ગેરકાયદેસર પ્રકીયા છે.

જયજયકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખૂબ જ ખરાબ દેખાઈ રહી છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે કોંગ્રેસ ઉત્તર-પૂર્વમાં વધુ સારું પ્રદર્શન કરશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં નિકળેલી ભારત જોડો યાત્રાની અસર જોવા મળશે, પરંતુ એવું થયું નથી. નાગાલેન્ડમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી શક્યું નથી.

ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં બહુમતીનો આંકડો ૩૧ છે. ત્રિપુરા અને નાગાલેન્ડમાં ભાજપ ગઠબંધનને બહુમતી મળતી દેખાઈ રહી છે. જોકે ફ્ર્ મેઘાલયમાં સૌથી મોટી પાર્ટી બની રહી છે. ગત ચૂંટણીમાં ભાજપ એનપીપી સાથે ગઠબંધન કરીને સરકારમાં હતી. જો આ વખતે પણ બંને પક્ષો ગઠબંધન કરશે તો મેઘાલયમાં પણ ભાજપની સરકાર આવશે.

મહિલા ધારાસભ્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝિમોમીને પરાજય આપ્યો હતો. બીજી બાજુ એનડીપીપીના ઉમેદવાર સલહોતુઓનુઓ કુસ પણ પશ્ચિમ અંગામી સીટથી ૪૦૦થી વધુ વોટથી આગળ છે. જો તેઓ જીતી જાય તો એકસાથે બે મહિલા ઉમેદવારો જીતી જશે.

ફેબ્રુઆરી મહિનામાં પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આજે આ ચૂંટણીઓની મત ગણતરી શરૂ થઈ ચૂકી છે. મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાની ચૂંટણીના પરિણામો ઘણી રીતે મહત્વપૂર્ણ છે. મળતી માહિતી મુજબ ત્રણેય રાજ્યોમાં સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે નાગાલેન્ડમાં ૬.૫૨ લાખ પુરુષોની સામે ૬.૫૫ લાખ મહિલા મતદાતા છે.

જીતે પછી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિપક્ષની જીત પછી, દેશનું નેતૃત્વ કરવા અને દેશને એકજૂટ કરવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ વિશે યોગ્ય નિર્ણય લઈ શકાશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષ ખડગે પણ હાજર હતા. તેથી જ્યારે પીએમ પદની ઉમેદવારી અંગે ચર્ચા થઈ હતી ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ પણ જવાબ આપવો પડ્યો હતો. કાર્યક્રમ દરમિયાન એક રેલીને સંબોધતા ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે સ્ટાલિન, હવે આગળ વધવાનો સમય છે. તમે રાષ્ટ્રીય દ્રશ્ય પર આવો. તમે કેન્દ્રમાં આવો અને રાષ્ટ્રનું નિર્માણ કરો જેમ તમે આ રાજ્યનું નિર્માણ કર્યું છે. દેશને એવા લોકોની જરૂર છે જેઓ સાથે મળીને કામ કરી શકે અને હું ખડગેજીને પણ કહીશ કે આપણે ભૂલી જઈએ કે વડાપ્રધાન કોણ બનવાનું છે. પહેલા આપણે ચૂંટણી જીતીએ (૨૦૨૪ની લોકસભાની ચૂંટણી), પછી વિચારીશું કે વડાપ્રધાન કોણ બનશે.

ખડગેએ કહ્યું કે આપણે આપણા ગઠબંધનને મજબૂત બનાવવાનો આગ્રહ રાખવો જોઈએ અને ૨૦૨૪ની જીતનો પાયો નાખવો જોઈએ.

તેમણે કહ્યું કે તમામ સમાન વિચારધારાવાળા પક્ષોએ સાથે આવવું જોઈએ અને વિભાજનકારી શક્તિઓ સામે લડવું જોઈએ.

દુષ્કાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતની અડધી વસ્તી આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. ડીએસ પાઈએ કહ્યું, અલ નીનાના ૩ વર્ષ પછી આ વર્ષે અલ નીનો આવવાની સંભાવના છે. દેશમાં ૧૦૦ થી નીચે વરસાદના કિસ્સા એવા સમયે હતા જ્યારે ચોમાસું ૯૦ થી નીચે હતું. આ કારણે ભારતે ૧૯૫૨, ૧૯૬૫ અને ૧૯૭૨માં દુષ્કાળનો સામનો કર્યો હતો અને હવે આપણે પણ એ જ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ. ડીએસ પાઈએ જણાવ્યું હતું કે, સંભવિત અલ નીનો અસરને કારણે, લાંબા સમય સુધી દુષ્કાળ જોવા મળી શકે છે. જો અલ નીનો શિયાળામાં સૌથી ઉપર પહોંચે અને ૨૦૨૪ની વસંતઋતુ સુધી ચાલુ રહે, તો આગામી વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ બની શકે છે. જો અલ નીનો ચાલુ રહેશે તો ૨૦૨૪માં રેકોર્ડ તાપમાન તૂટી શકે છે. સમગ્ર દેશમાં તાપમાન વધી રહ્યું છે.